## અમદાવાદના મહેરબાન ડેઝીગ્નેટેડ સીટી સેસન્સ જજ સાહેબ સમક્ષ

સેસન્સ કેસ નં. ૧૫૨/૦૨ તથા બીજા

ફરીયાદી :- સરકાર

વિરૂધ્ધ

તહોમતદાર :- કૈલાસ લાલચંદ ધોબી અને બીજા

બાબતેઃ- આંક-૧૯૨ થી રજુ થયેલ ક્રિ.પ્રો.કોડ કલમ ૧૭૩(૮)ની અરજી અન્વયે વધુ તપાસ કરી ખાસ તપાસ દળે ફોન કોલ્સ ડિટેઈલનું પૃથ્થકરણ રજુ કરવા બાબતે.

અમો વિક્ટીમ્સ તરફે એડવોકેટ આપ નામદાર કોર્ટ સમક્ષ આ અરજી રજુ કરી અરજ કરીએ છીએ કે,

(૧) મજકુર કામમાં વધુ તપાસ કરવા માટે ના.સુપ્રિમ કોર્ટે એસ.આઈ.ટી.ની નિમણૂંક કરેલી અને તે અન્વયે એસ.આઈ.ટી.એ. સદર કેસમાં વધુ તપાસ કરી ચાર્જશીટ રજુ કરેલ હતી પરંતુ સદર પોલીસ તપાસમાં કેટલીક મહત્વની બાબતોની સીટે તપાસ ન કરતા અમો વિક્ટીમ્સના એડવોકેટે આપ ના.કોર્ટ સમક્ષ તા.૭-૯-૨૦૦૯ના રોજ આંક-૧૯૨થી ક્રી.પ્રો.કોડની કલમ ૧૭૩(૮)ની અરજી રજુ કરેલ અને તે અરજીના અન્વયે ના.કોર્ટે હુકમ કરી સીટને વધુ તપાસ કરી કેટલાક દસ્તાવેજો રજુ કરવા આદેશ આપેલા.

(૨) ના.કોર્ટના હુકમ મુજબ સીટે તપાસ કરી વખતો વખત રીપોર્ટ રજુ કરેલા છે અને મહત્વના દસ્તાવેજો પણ ના.કોર્ટમાં રજુ કરેલ છે. જેમાં આ કામના સાહેદ રાહુલ શર્મા કે જેમણે તોફાનો સમયે ઉપયોગમાં લેવાયેલ મોબાઈલ ફોનની વિગતો મેળવી તેની એક સીડી બનાવેલ હતી અને તેઓની પાસેથી ફોન કોલ્સ ડિટેઈલ્સની સીડી મેળવી અને તે ફોન કોલ્સની સીડીનો પૃથ્થકરણ કરી સીટે તે સમયના પોલીસ કમિશ્નર શ્રી પી.સી.પાંડે તથા જોઈન્ટ પો.કમિશ્નર શ્રી (સેક્ટર-૨) એમ.કે. ટંડન તથા ડિ.સી.પી. ઝોન-૪ શ્રી પી.બી. ગોંદીયા તથા એ.સી.પી. શ્રી એમ.ટી.રાણા તથા મેઘાણીનગર પો.સ્ટેશનના તે વખતના ફર્સ્ટ પોલીસ ઈન્સ્પેકટર તથા હાલના આરોપી

<u>કે.જી.એરડા</u> તથા આરોપી અતુલ ઈન્દ્રવદન વૈદ્ય (૯૮૨૫૨૮૯૦૪૮) તથા વધારાના સાહેદો માજી.કોર્પોરેટર બદરૂદ્દીન શેખ (૯૮૨૫૦૧૨૦૩૬) ની ની માત્ર જાફરી સાહેબ સાથેના ફોન ડીટેલ્સ રજુ કરેલ છે જયારે કે તેમણે ઘણા પોલીસ અધિકારીઓ સાથે તે દિવસે વાત કરેલ તેની ફોન કોલ ડીટેઈલ્સ રજુ કરેલ નથી તથા નુરખાન હબીબખાન પઠાણ (૯૮૨૫૦૩૭૬૮૬) ના મોબાઈલ ફોન કોલ્સ ડિટેઈલ્સનું પૃથ્થકરણ કરી ના.કોર્ટ સમક્ષ રજુ કરેલ છે પરંતુ સદર વ્યક્તિઓ સિવાય મહત્વની વ્યક્તિઓ કે જેમાં પોલીસ અધિકારીઓ, સામાજીક કાર્યકરો તથા રાજકારણીઓ, જર્નાલીસ્ટો તથા ધાર્મિક સંગઠનના લીડરો તેમજ સરકારી ઉચ્ચ અધિકારીઓ તેમજ અન્ય કેટલાક તો.દારો જેમની વિગત નીચે મુજબ છે. જેઓના ફોન કોલ્સ ડિટેઈલ્સનું પૃથ્થકરણ કરી ખાસ તપાસ દળે આજદીન સુધી કરી ના.કોર્ટમાં રજુ કરેલ નથી અને તેમના ફોન કોલ્સ અંગેના કોઈ ક્રોસ વેરીફીકેશન કરી કનસર્ન વ્યકિતઓના નિવેદનો નોંધી કોર્ટમાં રજુ કરેલ નથી.

| ક્રમ | નામ | | ફોન - નંબર |
|---|---|---|---|
| ૧. | જોયદિપરાય | (જર્નાલીસ્ટ) | ૯૮૨૫૦૧૧૪૪૭ |
| ૨. | આર.જે. સવાણી | (ડી.વાય.એસ.પી.) | ૯૮૨૫૦૪૯૧૯૮ |
| ૩. | કે. ચક્રવતી | (ડી.આઈ.જી.) | ૯૮૨૫૦૪૮૩૦૧ |
| ૪. | બી.એસ. જેબલીયા | (ડી.સી.પી. ઝોન-૬) | ૯૮૨૫૦૪૯૧૯૯ |
| ૫. | અનિલ મુકીમ | (પી.એ. - સી.એમ.) | ૯૮૨૫૦૪૯૩૯૧ |
| ૬. | તનમય મહેતા | (પી.એ. - સી.એમ.) | ૯૮૨૫૦૦૦૮૩૭ |
| ૭. | એ.પી.પટેલ | (પી.એ. - ચીફ મીનીસ્ટર) | ૯૮૨૫૦૩૭૪૩૯ |
| ૮. | સંજય ભાવસાર | (ઓ.એસ.ડી.- સી.એમ.) | ૯૮૨૫૦૩૭૪૩૨ |
| ૯. | નરેન્દ્ર મોદી | (સી.એમ.) | |
| ૧૦. | માયાબેન કોડનાની | (ધારાસભ્ય) | ૯૮૨૫૦૦૬૭૨૯ |
| ૧૧. | કૌશીક પટેલ | (મહામંત્રી) | ૦૭૯-૩૨૩૨૪૬૩૦ |
| ૧૨. | ગોરધન ઝડફીયા | (માજી-ગૃહમંત્રી) | ૯૮૨૫૦૪૯૧૪૫ |
| ૧૩. | અશોક ભટ્ટ | (સ્વાસ્થ્ય મંત્રી) | ૯૮૨૫૦૩૯૮૭૭ |
| ૧૪. | બદરૂદ્દીન શેખ | (મ્યુનિ.કોર્પોરેટર) | ૯૮૨૫૦૧૨૦૩૬ |
| ૧૫. | જયદીપ પટેલ | (વી.એચ.પી. લીડર) | ૯૮૨૫૦૨૩૮૮૭ |
| ૧૬. | જગરૂપસીંહ રાજપુત | (ભુતપુર્વ મેયર) | ૯૮૨૫૦૬૬૩૬૨ |

| | | |
|---|---|---|
| ૧૭. | બાબુ બજરંગી (તો.દાર -નરોડા પાટીયા) | ૯૮૨૫૦૨૦૩૩૩ |
| ૧૮. | અતુલ વૈદ્ય (તો.દાર, ગુલબર્ગ કેસ) | ૯૮૨૫૨૮૯૦૪૮ |
| ૧૯. | રાજેન્દ્રસીંહ રાણા (બી.જે.પી. અધ્યક્ષ) | ૯૮૨૪૦૦૧૧૬૯ |
| ૨૦. | અશોક ગોવીંદભાઈ પટેલ (બી.જે.પી.કોર્પોરેટર, તો.દાર નરોડા ગામ) | ૯૮૨૫૦૧૮૬૨૫ |
| ૨૧. | કમલેશ અગ્રવાલ (વી.એચ.પી.લીડર) | ૯૮૨૫૩૨૩૩૬૩ |
| ૨૨. | ભરત તેલી (તો.દાર (ગુલબર્ગ કેસ) | ૯૮૨૪૦૮૭૪૪૩ |
| ૨૩. | ભરતકુમાર વ્યાસ (વી.એચ.પી.લીડર) | ૯૮૨૪૨૦૧૯૯૦ |
| ૨૪. | અજયસિંહ બલીસ્રાસીંગ રાજપુત (વી.એચ.પી. લીડર) | ૯૮૨૫૦૬૦૯૦૧ |
| ૨૫. | પ્રદીપ પરમાર (તો.દાર, ગુલબર્ગ કેસ) | ૯૮૨૪૦૭૯૧૯૪ |
| ૨૬. | રાજદીપ સરદેસાઈ (જર્નાલીસ્ટ) | |
| ૨૭. | બ્રીજેશકુમાર સીંહ (જર્નાલીસ્ટ) | |

(૩) અમોએ આ કામે ના.દાર કોર્ટના રેકર્ડ ઉપર સીડીનુ પૃથ્થકરણ કરી મુકેલ છે. પરંતુ સીટ ધ્વારા ઉપરોક્ત તમામ મહત્વની વ્યક્તિઓનું ગવર્મેન્ટ એનેલાઈઝર દ્વારા પૃથ્થકરણ કરી મુકવુ જોઈએ તેવો આદેશ ના.દાર કોર્ટે કરવો ન્યાયીક રીતે જરૂરી છે અને જો તેમ કરવામાં ન આવે તો સીડીનો પુરાવો નિરર્થક બનવા સંભવ છે.

(૪) આ કામે રેકર્ડ ઉપર સીટે રજુ કરેલ પૃથ્થકરણથી જોઈન્ટ પો.કમિ. એમ.કે. ટંડન, ડી.સી.પી. પી.બી. ગોંદિયા ની કોન્ડક્ટ અને તેમની તે સમયની મુવમેન્ટ સમગ્ર બાબતને તપાસમાં તદ્દન હળવાશથી લીધેલ છે. જયારે સીટના તપાસ કરનારે રેકર્ડના આધારે જેતે વ્યક્તિઓ સાથે સદર પો.અધિકારીઓને જે તે સમયે જેતે સ્થળેથી કોની સાથે કોણે શું વાત કરી છે તે અંગે સદર પો. અધીકારીઓના ક્રોસ વેરીફીકેશન કરી સ્ટેટમેન્ટ લઈ તપાસનો અહેવાલ ના.કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી તે એહવાલ રજુ કરવા આદેશ કરવો જોઈએ.

(૫) સદર ગુલબર્ગ હત્યાકાંડની શરૂઆતની પોલીસ તપાસ જાણીબુઝી તો.દારો તરફે થયેલ હોવાના આક્ષેપો થયેલ અને તેવી રજુઆતો ના.સુપ્રિમ કોર્ટ સમક્ષ થતા ના.સુપ્રિમ કોર્ટે સીટની રચના કરેલી. અને સીટે તપાસના અંતે કેટલીક મહત્વની વ્યક્તિઓની ધરપકડ કરેલી છે. વધુમાં ના.કોર્ટમાં રજુ થયેલ સીડી અનુસાર બનાવના દિવસે માયાબેન કોડનાની, જયદીપ પટેલ, બાબુ બજરંગી

કે જેઓ નરોડા ગામ અને નરોડા પાટીયા કેસના તો.દારો છે તેમજ અતુલ વૈદ્ય, ભરત તેલી ,પ્રદીપ પરમાર તેમજ પી.આઈ. એરડા ગુલબર્ગ કેસના તો.દારો છે. તેમજ નરેન્દ્ર મોદી, ગોરધન ઝડફીયા, કૌશીક પટેલ, અશોક ભટ્ટ, રાજેન્દ્રસીંહ રાણા, અશોક ગોવીંદભાઈ પટેલ, કમલેશ અગ્રવાલ, ભરતકુમાર વ્યાસ, અજયસીંહ રાજપુત જેઓ રાજકારણીઓ છે. આ તમામ તો.દારો, પોલીસ અધિકારીઓ અને રાજકારણીઓ તા.૨૭-૨-૦૨ તથા તા.૨૮-૨-૦૨ના સમયમાં સતત એકબીજાના સંપર્કમાં હતા તેમજ કેટલાક ઉચ્ચ અધિકારીઓ બનાવના આગલા દિવસે મેઘાણીનગરમાં હાજર રહી તો.દારો તથા પોલીસ અધિકારીઓ સાથે સંપર્કમાં રહ્યા હોવાનું જણાઈ આવેલ છે. તેમજ જર્નાલીસ્ટ જોયદીપરાય તથા રાજદીપ સરદેસાઈ તથા બ્રીજેશકુમારસીંગ કેજેઓ જર્નાલીસ્ટ છે અને તેઓની તા.૨૭-૨-૨૦૦૨ તથા તા.૨૮-૨-૨૦૦૨ના રોજ સતત પોલીસ ઓફીસરોના સંપર્કમાં રહેલ છે તેવુ ફોન કોલ્સ ડિટેઈલ્સમાંથી ફલીત થાય છે અને તેવા જર્નાલીસ્ટના પણ તપાસ કરનાર અધિકારીઓએ સ્ટેટમેન્ટ લઈ કયા મુદ્દે તેઓ સંપર્કમાં રહેલ છે તેવો અહેવાલ ના.કોર્ટ સમક્ષ રજુ કરવો જોઈએ. તે સંજોગોમાં ઉપરોક્ત દર્શાવેલ વ્યક્તિઓના ફોન કોલ્સ ડિટેઈલ્સનું પૃથ્થકરણ કરી આ કેસમાં મુકવા અત્યંત જરૂરી છે કે જેથી તે વ્યક્તિઓનું તેમના લોકેશન સાથે તેમણે તા.૨૭-૨-૨૦૦૨ તથા તા.૨૮-૨-૨૦૦૨ના રોજ કોણે, કઈ જગ્યાએથી, કોની સાથે, કેટલો સમય શું વાત કરી તે ડિટેઈલ્સ તેમજ ઉપરોક્ત ફોન નંબર જે તે સમયે કોના નામે હતા તેવી તમામ વિગતો ફોન કોલ્સ ડિટેઈલ્સ તપાસ કરનાર અધિકારીએ ગવર્નમેન્ટ એનાલાઈઝર દ્વારા ના.કોર્ટના રેકોર્ડ પર લાવેલ નથી. જે સમગ્ર અહેવાલ તેમજ ફોન કરનાર અને ફોન રિસીવ કરનાર ના ક્રોસ વેરીફીકેશન કરી નિવેદનો નોંધી ના.કોર્ટમાં રજુ કરે તે ન્યાયના હિતમાં અત્યંત જરૂરી છે.

(૬) આ કામે અનિલ મુકીમ, તનમય મહેતા અને એ.પી. પટેલ ત્રણેય જે તે સમયે પી.એ. ટુ ચીફ મીનીસ્ટર હતા અને સંજય ભાવસાર જેઓ ઓ.એસ.ડી ટુ સી.એમ. હતા સીડી માંથી વીકટીમ્સ તરફે રજુ થયેલ એનાલીસીસ મુજબ મુખ્યમંત્રીને આ ત્રણેય પી.એ. તા.૨૭-૨-૨૦૦૨ના રોજ બપોરથી મોડે સુધી મેઘાણીનગર વિસ્તારમાં તેમનું લોકેશન જણાઈ આવે છે. સદર ત્રણેય પર્સનલ આસીટન્ટશ્રી ઓએ તથા સંજય ભાવસાર જેઓ ઓ.એસ.ડી. ટુ સી.એમ. હતા અવાર નવાર મુખ્યમંત્રીને ઓફીસે અને અન્ય કન્સર્ન પોલીસ

અધિકારીઓ સાથે મોબાઈલથી કોન્ટેક્ટ કરેલ છે. મુખ્યમંત્રીના પર્સનલ આસીટન્ટને મહત્વની હસ્તીઓ તે જ સમયે મેઘાણીનગર વિસ્તારમાં કોઈપણ પ્રકારના બનાવો ન બન્યા છતા તા.૨૭-૨-૨૦૦૨ના રોજ ત્યાં રહી શું કાર્યવાહીઓ કરવામાં આવતી હતી અને એવુ કયુ કારણ ઉપસ્થિત થયેલ કે જેના કારણે આ ત્રણેય પર્સનલ આસીન્ટન્ટ ત્યાં હાજર રહેવુ પડેલ અને તે સંજોગોમાં તે કોલ ડિટેઈલ્સ રેકર્ડ પર રજુ થાય તો મહત્વનો પુરાવો રેકર્ડ પર આવી શકે તેમ છે અને ના.કોર્ટ એવીડન્સ એક્ટ મુજબ યોગ્ય અનુમાન પણ કરી શકે તેમ છે. તે સંજોગોમાં સીટ દ્વારા તેવી મહત્વની વ્યક્તિઓની કોલ ડિટેઈલ્સ ગવર્નમેન્ટ એનાલાઈઝર દ્વારા રજુ કરવી ન્યાયના હિતમાં જરૂરી છે.

(૭) મુખ્યમંત્રીશ્રીની સાથે ફરતા સુપીરીયર ઓફીસર દ્વારા તા.૨૮-૨-૨૦૦૨ના રોજ ૧૫ કોલ થયેલ છે જેમાં ૫ ઈન્કમીંગ કોલ શ્રી પાંડેના મળેલ છે. જેમાં કમિશ્નરશ્રી પાંડેને પાંચ કોલ પી.એ. ટુ ચીફ મીનીસ્ટર તનમય મહેતાએ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ સવારના ૧૧-૧૪ વાગે, ૧૩-૨૧ વાગે, ૧૫-૩૮ વાગે, ૧૫-૫૭ વાગે અને ૧૯-૨૬ વાગે કરેલ છે આ બધો સમય ગુલબર્ગ સોસાયટી ઉપર થયેલ વાયલન્સનો પીક સમય છે. તેમ છતા કમિશ્નર પાંડે કે કોઈપણ પોલીટીકલ એજન્સીએ ગુલબર્ગના એફેક્ટેડ વિસ્તારની વિઝીટ કરેલ નથી વીકટીમ્સ ની સહાય કોઈ પહોચેલ નથી. આમ ગુલબર્ગ હત્યાકાંડને તોહમતદારો સરળતાથી પાર પાડી શકે તે અંગે તમામ અધિકારીઓ અને ચીફ મીનીસ્ટરની ભુમીકા અંગે ના. કોર્ટ કાયદાકીય અનુમાનો સુધી પહોચી શકે તેવી આ મહત્વની બાબત છે.

સંજય ભાવસાર ઓ.એસ.ડી. ટુ ચીફ મીનીસ્ટરનાઓએ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ ૧૩-૭ વાગે અને ૧૪-૨૨ વાગે કમિશ્નરશ્રી પાંડેને ફોન કરેલ છે. આ સમય પણ ગુલબર્ગ સોસાયટીના હત્યાકાંડનો પીક વાયલન્સ પીરીયડ છે.

શ્રી અનીલ મુકીમ એડીશનલ પ્રિન્સિપલ સેક્રેટરી ટુ ચીફ મીનીસ્ટરનાઓએ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ ૭ કોલ કમિશ્નરશ્રી પાંડેએ કર્યા છે અને તેમને મળ્યા છે તે પૈકી ૧૩-૧૨ વાગે, ૧૫-૪૩ વાગે, ૧૫-૫૦ વાગે, ૨૧-૧૪ વાગે ૪ ફોન કોલ્સ કમિશ્નર પાંડેને અનિલ મુકીમે કરેલ છે. તે રીતે જોતા મુખ્યમંત્રીના એડીશનલ પ્રીન્સિપલ સેક્રેટરી અનીલ મુકીમ

કમિશ્નરશ્રી પાંડેના ટચમાં રહેલ છે જે સમયે ગુલબર્ગ સોસાયટીના હત્યાકાંડનો પીક વાયલન્સ પીરીયડ છે.

પી.એ. ટુ ચીફ મીનીસ્ટર એ.પી. પટેલનાઓએ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ ૧૭-૧૭ વાગે કમિશ્નરશ્રી પાંડેને ફોન કરેલ છે. જે સમયે ગુલબર્ગ સોસાયટીનો હત્યાકાંડ પુર્ણ થઈ ગયેલ.

તા.૨૮-૨-૨૦૦૨ના રોજ એડીશનલ ચીફ સેક્રેટરી અશોક નારાયણનાઓ ૮ વખત કમિશ્નરશ્રી પાંડેના ટચમાં રહેલ છે અને દરેક સમયે એટલે કે ૧૩-૫૨ વાગે, ૧૪-૪૭ વાગે, ૧૪-૧૯ વાગે, ૧૫-૦૨ વાગે, ૧૫-૨૫ વાગે, ૨૦-૧૧ વાગે, ૨૩-૨૬ વાગે અને ૨૩-૪૩ વાગે વાત કરવામાં આવી છે. સદર ફોન કોલ્સ ડિટેઈલ્સ ગુલબર્ગ સોસાયટીના હત્યાકાંડના પીક વાયલન્સના પીરીયડમાં થયાનું જણાઈ આવે છે.

શ્રી એસ.કે.નંદા સેક્રેટરી હેલ્થ એન્ડ ફેમેલી વેલ્ફર બોર્ડનાઓએ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ બપોરના ૧૫-૦૫ વાગે કમિશ્નરશ્રી પાંડે સાથે ટચમાં રહ્યા હોય તેવું જણાય છે.

ઉપરોક્ત વિગતોથી તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે કે ગુલબર્ગ હત્યાકાંડના સમય દરમ્યાન કમિશ્નરશ્રી પાંડે ગુલબર્ગ હત્યાકાંડથી માહિતગાર હોવા છતા તથા બનાવ બની રહ્યો છે તેવી સ્પષ્ટ જાણકારી હોવા છતા ગુલબર્ગ સોસાયટીના રહીશોની મદદે પોતાના પુરતા પોલીસ સ્ટાફ સાથે જાણી બુઝીને પહોંચેલ નથી

આમ અમોએ જણાવેલ ઉપરોક્ત વ્યક્તિઓની ફોન કોલ્સ ડિટેઈલ્સ તપાસ કરનાર અધિકારીએ ગવર્નમેન્ટ એનાલાઈઝર દ્વારા ના.કોર્ટના રેકોર્ડ પર લાવવી ન્યાયના હિતમાં જરૂરી છે અને તેમ થાય તો એવીડેન્સ એક્ટની કલમ-૬ મુજબ એક કોમન ઓબ્જેક્ટ પાર પાડવા માટે જુદા જુદા સમયે અને જુદા જુદા સ્થળેથી ગુનાહિત કાર્યવાહીઓ કર્યાનું રેકર્ડ પર આવી શકે તેમ છે અને તે સંજોગોમાં અમો વિક્ટીમ્સ તરફે ઉપરોક્ત ફોન કોલ્સ ડિટેઈલ્સ તપાસ કરનાર અધિકારી ગવર્નમેન્ટ એનાલાઈઝર દ્વારા ના.કોર્ટના રેકોર્ડ પર રજુ કરે તેવી ન્યાયીક અરજ ગુજારીએ છીએ. અને જો તેમ ન થાય તો વિક્ટીમ્સના દ્વારા રેકોર્ડ ઉપર પ્રાઈવેટ એનાલાઈઝર દ્વારા રજુ કરેલ ડિટેઈલ્સને કાયદાકીય રીતે ના.કોર્ટને માન્યતા આપવામાં કાયદાકીય ગુંચ ઉભી થાય તેમ છે તેથી વીક્ટીમ્સ તરફે કરાયેલ રજુઆત લક્ષમાં લઈ તપાસ કરનાર અધિકારીને તેવી ફોન કોલ્સ ડિટેઈલ્સ ગવર્નમેન્ટ એનાલાઈઝર દ્વારા રેકોર્ડ પર રજુ કરવા હુકમ કરવો જોઈએ.

(૮) ખાસ તપાસ દળે ઉપરોક્ત ક્રિ.પો. કોડ કલમ ૧૭૩(૮)ની અરજીના જવાબમાં સી.ડી. અંગેની રજુઆત કર્યા બાદ પણ આજદીન સુધી ઉપરોક્ત મહત્વની વ્યક્તિઓની ફોન કોલ્સ ડિટેઈલ્સ સી.ડી.માંથી ગવર્મેન્ટ એનેલાઈઝર દ્વારા પૃથ્થકરણ કરી ના.કોર્ટમાં રજુ કરેલ નથી. અને જો તેવી વાતચીતની વિગતો રેકર્ડ ઉપર ન આવે તો ના.કોર્ટને આ કેસની સચ્ચાઈ સુધી પહોંચવામાં અને કાયદાકીય રીતે મહત્વના અનુમાનો કરવામાં ગંભીર મુશ્કેલીઓ થાય તેમ છે તે સંજોગોમાં ખાસ તપાસદળ ઉપરોક્ત વ્યક્તિઓની ફોન કોલ્સ ડિટેઈલ્સ પૃથ્થકરણ સાથે ના.કોર્ટ સમક્ષ રજુ કરે તેવો તાત્કાલીક હુકમ કરવા ન્યાયના હિતમાં અત્યંત જરૂરી છે. અને કેસની ગંભીરતા જોતા તેમજ આ કામે થયેલ નરસંહારને લક્ષમાં લેતા ઉપરોક્ત બાબતે પુરતી અને સઘન તપાસ કરવી જરૂરી છે.

(૯) આ કામે સીટ દ્વારા કરવામાં આવેલ તપાસમાં જોબદાસ સુર્યનારાયણ પ્રકાશ ગેડમ ના નિવેદનો લેવામાં આવેલ છે. તેઓ ગવર્મેન્ટ એનેલાઈઝર છે. તેઓની જુબાની નામદાર કોર્ટમાં આંક-૧૧૪૦ થી સાહેદ નં.૩૨૦ થી થયેલ છે. તેઓના જણાવ્યા મુજબ તેઓએ રાહુલ શર્મા સાહેબે મંગાવેલ એટીએન્ડ ટી તથા સેલફોર્સ મોબાઈલ કંપનીના બનાવ વખતના ફોન કોલ્સ ડીટેઈલ્સનું પૃથ્થકરણ નરોડા પોલીસ સ્ટેશનના ગુનાના તપાસ કરનાર અમલદાર શ્રી પી.એલ. માલ સાહેબના કહેવાથી કરેલ હતું. અને પોલીસ અધિકારીઓના તથા આરોપીઓના ફોનકોલ્સના ડીટેઈલ્સનું પૃથ્થકરણ કરવાનુ કહેતા તેઓએ તે ફોન કોલ્સનું પૃથ્થકરણ કરેલ હતું. જે સીટે નામદાર કોર્ટમાં રજુ કરેલ છે. પરંતુ, સીટ દ્વારા આ અરજી સાથે આપવામાં આવેલ ફોન નંબર તથા તે ફોન ધારકો વિશે કોઈ તપાસ કરવામાં આવેલ નથી કે જે તે સમયે તે જ ઈસમો તેવા નંબરોના ફોન ધારકો હતા તેવા પુરાવા રજુ કરેલ નથી કે તેઓના ફોન કોલ્સ ડીટેઈલ્સનું પૃથ્થકરણ કરી નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં સને ૨૦૦૨ માં બનાવ સમયે ઉપરોક્ત મોબાઈલ કંપનીઓનો અમદાવાદ શહેરમાં ટ્રાન્સમીશન રીસીવર સ્ટેશન એટલે કે મોબાઈલ ટાવરો કયા કયા સ્થળે હતા તેમનો કવરેજ એરીયા કેટલા કિ.મી. નો હતો તેમજ મોબાઈલ ટાવર કઈ રીતે ઓપરેટ થાય છે અને તેની કામગીરી શું હોય છે તે બાબતે પણ સીટે કોઈ મોબાઈલ કંપનીના ઉચ્ચ અધિકારીના નિવેદન લીધેલ

નથી. ઉપરોક્ત મોબાઈલ ફોનના ફોનકોલ્સ ડીટેઈલ્સના આધારે કઈ વ્યક્તિએ ક્યાંથી અને કોને ફોન કરેલ છે. તે તમામ હકીકત ઉપરોક્ત જણાવેલ મુદ્દા ઉપર સઘન તપાસ થાય તો જ સાચી હકીકત બહાર આવે તેમ છે.

(૧૦) આ કામે મરનાર લોકસભાના માજી સંસદ સભ્ય અહેસાન જાફરી ના લેન્ડલાઈન ફોન નંબર ૦૭૯ ૨૨૧૨૫૧૬૬ ના ફોન કોલ્સ રેકર્ડ જે તે સમયના પોલીસ અધીકારી મેઘાણીનગરના પી.આઈ. કે.જી. એરડા (હાલના તો.દાર નં. ૬૩) તથા તપાસ કરનાર અમલદાર શ્રી પી.એન. બારોટ તથા ક્રાઈમ બ્રાન્ચના તપાસ કરનાર અમલદાર શ્રી એસ. એસ. ચુડાસમા ના ઓએ આવા ગંભીર પ્રકારના હત્યાકાંડના તે સમયના રેકોર્ડ કયા કારણસર મેળવેલ નહી. તે અંગેની તેમની તેવી ગુનાહીત ભુમીકાની કોઈ તપાસ સીટના તપાસ કરનાર અધિકારીઓએ કરેલ નથી. આમ, મેધાણીનગર પોલીસે કે ગુજરાતની પોલીસે જેમણે તે જ દિવસે ગુલબર્ગ હત્યાકાંડ ગુનો નોંધ્યો હોવા છતાં અને તેમની તપાસમાં એહસાન જાફરીની લેન્ડ લાઈનથી મદદ માટે ફોન કરેલ છે તેવુ તપાસમાં ખુલતુ હોવા છતાં કોઈ પણ તબક્કે અહેસાન જાફરીના લેન્ડ લાઈન નંબર નો ફોન કોલ્સ રેકર્ડ કયા કારણસર મેળવ્યો નથી તે બાબતે ના તો ગુજરાત પોલીસે ના તો સીટના તપાસ કરનાર અધિકારીઓ કોઈ તપાસ આદરી નહી. અને એહસાન જાફરીનો લેન્ડલાઈન ફોન કોલ્સ રેકર્ડ કયા સંજોગોમાં નાશ કરવામાં આવ્યો અગરતો નાશ થવા દીધો તે બાબતે કોઈ તપાસ કરવામાં આવેલ નથી અને તે પાછળ ઉચ્ચ હોદાના અધિકારીઓ અને રાજકારણીઓનો મોટીવ સ્પષ્ટ થતો હોવા છતાં સીટે આજદીન સુધી તે દિશાએ કોઈ તપાસ કરેલ ન હોઈ તે મુદ્દે પણ ના. કોર્ટે વધુ તપાસનો આદેશ આપવો જોઈએ.

(૧૧) આ ગુનાના કામે તમામ મહત્વના નજરે જોનાર ભોગ બનનાર સાહેદોએ પ્રથમથી જ એવા નિવેદનો આપેલ છે કે બનાવના દિવસે માજી સંસદ સભ્ય અહેસાન જાફરી મદદ માટે પોલીસ તથા રાજકારણીઓને ફોન ઉપર વિનંતી કરતા હતા. અને બીજી તરફ આ કામના સાહેદ રાહુલ શર્માએ જે સીડી રજુ કરેલ છે અને તે આધારે જે તે પોલીસ અધિકારીઓને રાજકારણીઓએ કરેલ ફોન, તેમના લોકેશન, તેમણે કરેલ ફોનની વિગતો આવેલ છે. તે સંજોગોમાં

સીટ જે તે વ્યક્તિઓ સાથે વાતચીત થઈ હોય તેમના નિવેદનો લઈ ક્રોસ વેરીફીરેશન કરી તેનો અહેવાલ ના. કોર્ટ સમક્ષ રજુ કરવો જોઈએ અને તેવો ફોન કોલ્સ રેકર્ડ જો રેકર્ડ ઉપર ન આવેલ હોય તો આપ ના.કોર્ટ ક્રિ.પો.કોડ કલમ ૩૧૧ ની સત્તા વાપરી તે અંગેની રાહુલ શર્માની સીડી બાબતે સંપુર્ણ તપાસ નો તેવો વેરીફીકેશનસ માટે હુકમ કરવો જોઈએ.

(૧૨) આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ ૧૭૩(૮)ની અરજી આંક-૧૯૨ થી આપેલ તે અરજીમાં ડી.સી.પી. અને ડી.સી.પી.થી ઉપલા પોલીસ અધિકારીઓના વાહનમાં વાયરલેસ સીસ્ટમ હોય છે અને તે વાયરલેસ મેસેજ બુકમાં નોંધવામાં આવે છે તેવી વાયરલેસ ઓપરેટરની નોંધાયેલ તે અધિકારીઓની વાયરલેસ મેસેજબુક પૈકી આ ના.કોર્ટમાં માત્ર ડી.સી.પી., પી.બી.ગોંદીયાની તેવી વાયરલેસ મેસેજબુક તપાસ કરનાર અધિકારીએ રજુ કરેલ છે. જ્યારે જોઈન્ટ પોલીસ કમિશ્નર શ્રી એમ.કે. ટંડનને તેવી વાયરલેસ બુકનો નાશ થઈ ગયેલ છે ત્યારે આજદીન સુધી પોલીસ કમિશ્નરશ્રી પી.સી. પાંડેની તેવી વાયરલેસ મેસેજબુક આ કામે રજુ કરવામાં આવેલ નથી જે આ કામે રજુ થવી જોઈએ.

(૧૩) અમોએ ક્રિ.પ્રો. કોડની કલમ ૧૭૩(૮) ની અરજી આપ્યા બાદ અને ભોગ બનનાર તરફના પ્રયત્નો બાદ જ સીટના અધિકારીઓએ વધુ તપાસ માં ઘણાં અહેવાલ તથા મહત્વની વિગતો પાછળથી રજુ કરેલ છે. જો તેવી અરજી ભોગબનનારાઓ તરફથી ન આપવામાં આવી હોતતો તે સમગ્ર હકીકત નામદાર કોર્ટ ના રેકર્ડ ઉપર જ ન આવી હોત.

(૧૪) ક્રિ.પ્રો.કોડની કલમ ૧૭૩(૮) અન્વયે ના.સુપ્રિમ કોર્ટ તથા ના.ગુજરાત હાઈકોર્ટે ચુકાદાથી સેટલ્ડ લૉ મુજબ કેસના કોઈપણ તબક્કે તપાસની જરૂર જણાય તો વધુ તપાસનો હુકમ કરવો જોઈએ તે ઉપર ભાર મુકેલ છે.

(૧૫) સબબ અરજ કરવાની કે...

ઉપરોક્ત દર્શાવેલ વ્યક્તિઓની સંપુર્ણ ફોન કોલ્સ ડિટેઈલ્સ ગવર્મેન્ટ એનાલાઈઝર દ્વારા પૃથ્થકરણ સાથે ના.કોર્ટ સમક્ષ તપાસદળ રજુ કરે તેમજ સદર વ્યક્તિઓ જે તે સમયે જે મોબાઈલ નંબરો ધરાવતા હતા તે અંગે દસ્તાવેજી પુરાવાઓ ના.કોર્ટમાં રજુ કરવામાં આવે તથા જે તે સમયે જે તે

વ્યક્તિએ કઈ બાબતે શું વાતચીત કરી તેવા ક્રોસ વેરીફીકેશન સાથેના સ્ટેટમેન્ટ લઈ તેનો રેકર્ડ ના.દાર કોર્ટ સમક્ષ રજુ કરવા તથા ઉપર વર્ણવેલ તમામ મુદ્દે બાકી રહેતી તમામ તપાસ સાથેનો અહેવાલ રજુ કરવા હુકમ ફરમાવશોજી.

અમદાવાદ
તારીખ : /૦૩/૨૦૧૧

-----------------------
એસ.એમ.વોરા
(વિક્ટીમ્સના એડવોકેટ)